વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળાઓ)નો સમય બદલવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/MISC/e-file/17/2024/0960/A
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૮/૦૬/૨૦૨૪

**વંચાણે લીધા :-**

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૬/૦૪/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/૨૦૨૪-૨૫/૪૬
(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૩/૦૪/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: અજાક/ગ/સછા/૨૦૨૩-૨૪/૧૩૪૪-૪૫

**આમુખ :-**

આ વિભાગના નિયંત્રણ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળાઓ)માં ધોરણ- ૧ થી ૮ એટલે કે પ્રાથમિક કક્ષાના બાળકોને વિના મૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સુવિધાઓ આપવામાં આવે છે. વર્તમાન વ્યવસ્થામાં આશ્રમશાળામાં ભણતાં બાળકોને અભ્યાસ બાદ વ્યક્તિત્વ વિકાસલક્ષી ઈતર પ્રવૃત્તિઓ માટે પૂરતો સમય મળતો ન હોઇ, વંચાણે લીધા ક્રમાંક (૧) પરના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા તેમજ વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા તેઓના પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળાઓ)નો સમય સવારે ૧૦.૪૫ થી ૧૭.૦૦ કલાકને બદલીને સવારના ૭.૩૦ થી ૧૩.૩૦ કલાક કરવા માટે અત્રે દરખાસ્ત કરવામાં આવી હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આ વિભાગના નિયંત્રણ હેઠળના વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળાઓ)માં શાળા સમય બાદ બાળકો માટે રમત-ગમત, સંગીત, કોમ્પ્યુટર તાલીમ, અન્ય સોફ્ટ સ્કીલ તાલીમ કાર્યક્રમો, શારીરિક તેમજ માનસિક વિકાસની પ્રવૃત્તિઓ વગેરે ઈતર પ્રવૃત્તિઓનો પૂરતો સમય મળી રહે તે હેતુથી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળાઓ)ના હાલના સમય ૧૦.૪૫ થી ૧૭.૦૦ કલાકમાં ફેરફાર કરીને હવેથી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળાઓ(આશ્રમશાળાઓ)નો સમય સવારના ૭.૩૦ થી ૧૩.૩૦ કલાકનો (ભોજન વિરામ અને રિસેસ સહિત) રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (અનુસૂચિત જાતિ કલ્યાણ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર/- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઈટ પર અપલોડ કરવા સારૂ...
- શાખા સિલેક્ટ ફાઈલ- ૨૦૨૪

Signature valid
Signed by:H R Doshi
Section Officer
Date: 2024.06.18
16:14:06 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign